**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૪/૦૪/૨૦૧૮ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૬૪૬/૧૮**

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

## હિંમતનગર 'એ' ડીવીઝન પો.સ્ટેના અપહરણ, બળાત્કારના ગુનામાં વૉન્ટેડ આરોપીને પકડતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડવાની મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અનુસંધાને સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના અહેકો બળવંતસિંહ મંગળસિંહ બ.નં ૯૩૧૬ તથા અપોકો દીગ્વિજયભાઈ શાંતુભાઈ બ.નં ૧૩૧૯૦ તથા અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ બ.નં ૩૩૯૫ તથા અપોકો ફીરોજશા મરદાનશા બ.નં ૯૦૦૧ તથા એલ.આર હરદીપસિંહ બ.નં ૪૮૫ નાઓ સાથે આજરોજ તા:૦૩/૦૪/૧૮ ના જીઆઇડીસી વટવા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ તથા અપોકો દીગ્વિજયભાઈ શાંતુભાઈ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે હિંમતનગર 'એ' ડીવીઝન પો.સ્ટેના ફ.ગુ.ર.નં ૮૩/૧૮ ધી ઈપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ ધી પ્રોટેક્શન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ ૨૦૧૨ ની કલમ ૧૧(૪), ૫(એલ), ૬ મુજબના કામના વૉન્ટેડ આરોપી કૌશિકભાઈ ભાણાભાઈ બારોટ (ભાટ) ઉ.વ ૨૧ રહે. ભાટવાસ જુની સિવિલ હોસ્પીટલ સામે સ્ટેટબેંકની પાછળ, હિંમતનગર તા-હિંમતનગર જી-સાબરકાંઠા નાનો જીઆઈડીસી વટવા છાશ કેન્દ્ર સામે જાહેર રોડ ઉપર ઉભો છે જે હકીકત આધારે તપાસ કરતા તે મળી આવતા સદરીને આજરોજ તા:૦૩/૦૪/૧૮ ના ક:૧૪/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)(આઈ) મુજબ પકડી અટક કરેલ છે.

**લીનોવા કંપનીનુ લેપટોપ તથા લેપટોપ ચાર્જર તથા ડીજે કંટ્રોલર તથા ડ્રાઇવીંગ લાયસન્સ, આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ તથા એક્ષીસ બેંક ક્રેડીટ કાર્ડ તથા એસબી.આઇ. એટીએમ કાર્ડ મળી કુલ કિ.રુ.૨૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે બે ઇસમોને પકડી પાડી વણ શોધાયેલ ચોરીનાગુનાનો ભેદ ઉકેલતી એસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.ડી.પરમાર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા તથા પો.સ.ઇ.શ્રી આર.જે.ચૌધરી નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન એ.એસ.આઇ. હરેશકુમાર કાંતીલાલ તથા હે.કો. મયુરધ્વજસિંહ રાજેંન્દ્રસિંહનાઓએ આપેલ બાતમી હકીકત આધારે ચાંદખેડાસત્યમેવ હોસ્પીટલ પંચશ્લોક ચાર રસ્તા ખાતેથી આરોપી (૧) દિપકભાઇ હરજીવનભાઇ સોલંકી ઉવ૨૪ ધંધોડ્રાઇવીંગ રહે. ભગવતીનગરની ચાલી સીધ્ધેશ્વરી ફ્લેટની બાજુમાં ચાંદખેડા આઇઓ.સી.રોડ ચાંદખેડા અમદાવાદ શહેર (૨) હંસરાજ @ ચોકલેટ કિશોરભાઇ વાઘેલા ઉવ.૨૦ ધંધો ડેકોરેશન રહે, સી-૩૩ જયદીપ ફ્લેટ ચાંદખેડા બસ સ્ટેન્ડ વિસતમાતાના મંદિર પાસે અમદાવાદ શહેર નાઓનેથેલા સાથે ઝડપી લેવામાં આવેલ જેઓની પાસેથી એક લેપટોપ કિ.૧૫૦૦૦/- તથા ડીજે કંટ્રોલર કિ.રુ.૧૦૦૦૦/-તથા લેપટોપ ચાર્જર તથા જાડેજા હરવિજયસિંહ હરદેવસિંહ નાઓનુ ડ્રાઇવીંગ લાયસન્સ, આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ તથા એક્ષીસ બેંક ક્રેડીટ કાર્ડ તથા એસ.બી.આઇ. એટીએમ કાર્ડ મળી આવેલ. જે બાબતે ઉપરોકત ઇસમોની પુછપરછ કરતાં આજથી સાતેક દિવસ અગાઉ કુબેરનગર રેલ્વે ફાટક પાસે એક એકટીવા ઉપર બે થેલો મુકેલા હોય જે થેલાઓની ચોરી કરી લઇ ગયેલાની હકીકત જણાવેલ. જેથી આ બાબતે તપાસ કરતાં સરદારનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.૧૧૦/૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ ઉપરોકત મુદ્દામાલ કુલ કિરૂ.૨૫,૦૦૦/- નો સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઇસમોને આજરોજ તા.૦૪/૦૪/૨૦૧૮ ના કલાક ૧૫/૪૫ વાગે સીઆરપીસી કલમ ૪૧ (૧)ડી મુજબ પકડી અટક કરી આગળની વધું તપાસ અર્થે સરદારનગર પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>**

મહે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મહે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અ.ના.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ ના માર્ગદર્શન હેઠળ અમો તથા સાથેના સર્વેલન્સ સ્કોર્ડ ના પ્રો.પો.સ.ઇ. આર.પી.ડાભી તથા એ.એસ.આઇ. લાલજીભાઇ ચેહોરભાઇ બ.નં ૭૩૪૭ તથા અ.હે.કો. વસંતકુમાર નટવરભાઇ બ.ન.૮૨૦૧ તથા અ.પો.કો.સુરેંદ્રકુમાર દોલતસિંહ બ.ન.૮૮૦૫ તથા અ.પો.કો નારાયણ વેલજીભાઇ બ.ન.૪૮૯૮ તથા અ.પો.કો. વિજયસિંહ ગોવિંદસિંહ બ.નં ૪૯૫૩ તથા અ.લો.ર.રાકેશ ભુપેંદ્રસિંહ બ.ન.૧૩૨૧૮ વિગેરે સ્ટાફના માણસો સાથે શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની પ્રવુતિ ને ડામવા સારૂ પેટ્રોલીંગ માં હતા દરમ્યાન ગીરધરનગર બ્રીજ ના છેડા પાસે આવતા સાથેના અ.પો.કો.નારાયણ વેલજીભાઇ બ.ન.૪૮૯૮ નાઓને ખાનગી બાતમી મળેલ કે ગીરધરનગર બ્રીજ નીચે માકુભાઇના છાપરા હડકશા માતાના મંદીર પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ભેગા થઇ પૈસા પાનાથી તીન પત્તી નો હાર જીતનો જુગાર રમે રમાડે છે જે હકીકત આધારે સદરી બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતાં કુલ-૬ આરોપીઓ પકડાયેલ તથા સદરી ઇસમો ની અંગઝડતી માંથી મળેલ રોકડા રૂ.૯૬૮૦/- તથા દાવના નાણા રૂ.૪૪૦/- તથા ગંજી પાના નંગ-૫૨ કી.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂ.૧૦,૧૨૦/- ની મત્તા કબજે કરી સદરી આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

"જી" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "જી" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.